આવતીકાલે જીવન જ્યોતિ વિમા, સુરક્ષા વિમા, યોજના ખૂલ્લી મૂકાશે

બંને વિમા યોજનામાં બે લાખનું સુરક્ષા કવચ : વિમા યોજનાઓની આગોતરી નામ નોંધણી પહેલી મેથી શરૂ કરાઈ : યોજનાના ફોર્મ બેંકોમાં ઉપલબ્ધ છે

અમદાવાદ, તા.૭

દેશના કરોડો લોકોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે રાજય-કેન્દ્ર સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આગામી ૯ મેના રોજ કોલકાતા ખાતેથી દેશના સામાન્ય આદમીને સ્પર્શતી જીવન જ્યોતિ વીમા યોજના પ્રધાનમંત્રી વીમા યોજના અને અટલ પેન્શન યોજના ની જાહેરાત કરવામાં આવશે. અમલમાં આવનાર આ યોજનાઓ નાગરિકો માટે સામાજિક સુરક્ષા તેમજ નાણાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વનું કદમ પુરવાર થશે. આ બન્ને વીમા યોજનાઓમાં બે લાખનું કવચ આપવામાં આવશે તેમજ યોજનાના ફોર્મ રાજયની તમામ બેન્કોની શાખાઓમાં ઉપલબ્ધ કરાવાયા છે.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજનામાં સભ્યએ વાર્ષિક રૂપિયા માત્ર ૩૩૦નું પ્રમિયમ ભરવાનું હોય છે તેની સામે કોઈપણ કારણસર અવસાન થાય તો બે લાખની રકમ ચૂકવવા પાત્ર થાય છે. આ વીમા કવચને ગર વર્ષે રીન્યુ કરાવવાનું રહેશે. ૧૮ થી ૫૦ વર્ષની વય ધરાવતા બેન્કના તમામ બચત ખાતા ધારકો અધિકૃત રીતે જોડાઈ શકશે. આગામી ૧ જૂનથી ૩૧ મે ૨૦૧૬ સુધીના સમયગાળા દરમિયાન યોજના શરૂ કરવામાં આવશે ગ્રાહકોએ જરૂરી નોંધણી તથા ઓટો-ડેબિટ માટે ૩૧ મે-૨૦૧૫ પહેલા સંમતિ આપવી જરૂરી છે. પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજનામાં સભ્યદીઠ પ્રતિવર્ષ માત્ર ૧૨ના પ્રિમિયમમાં અકમાતથી મૃત્યુ અને અકસ્માતથી ઉદભવતી અશક્યતા-અપંગતા સામે બે લાખ ની રકમ ચૂકવવા પાત્ર થાય છે આ પ્રિમિયમની રકમ દર વર્ષની ૧લી જૂનના રોજ અથવા તે પહેલા ખાતા ધારકના બચત બેન્ક ખાતામાંથી ઓટો ડેબિટ સુવિધા મારફતે લેવામાં આવશે. આ યોજનામાં જોડાનાર બેન્કના તમામ ૧૮ થી ૭૦ વર્ષની વયમર્યાદા ધરાવતા બચત ખાતેદારો વીમા કવચના હક્કદાર બનશે.

જો કોઈ વ્યક્તિ એક અથવા અન્ય બેન્કોમાં એક કરતાં વધુ બચત બેન્ક ખાતા ધરાવતો હોય તેવા કિસ્સામાં તે વ્યક્તિ ફકત એકજ બચત બેન્ક ખાતા મારફતે આ યોજવામાં જોડાવા હક્કદાર છે. બેન્ક ખાતા માટે આધાર પ્રાથમિક કેવાયસી રહેશે આ યોજના શરૂ કરવાની પ્રાસ્તવિક તારીખ ૧ જૂન-૨૦૧૫ રહેશે. જેની નોંધણીનો સમયગાળો તા. ૧ જૂનથી ૩૧ મે-૨૦૧૬ સુધીના એક વર્ષના સમયગાળા માટે વીમા કવચ લંબાવવામાં આવશે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં મૃત્યુ પામનારને બે લાખની રકમ તેમજ જે કિસ્સામાં બન્ને આંખો-બન્ને હાથનો ઉપયોગ અથવા બન્ને પગનું સદંતર અને અને પરત ન મેળવી શક્ય એવું નુકશાન પરત ન મેળવી શકાય એવા નુકશાનના કિસ્સામાં ૧ લાખનું વળતર વીમાની રકમ ચૂકવવા પાત્ર થાય છે.

અટલ પેન્શન યોજના (એપીવાય)માં આગામી ૧લી જૂન-૨૦૧૫થી અમલમાં આવનાર આ યોજના દેશના અસંગઠિત ક્ષેત્રના તમામ કામદારો માટે ઉપલબ્ધ બનશે અને તેનું નિયમન પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (પી.એફ.આર.ડી.એ) દ્વારા નેશનલ પેન્શન સિસ્ટમ (અન.પી.એસ.) મારફતે કરવામાં આવશે. પેન્શનની સુવિધા ન ધરાવતા સમાજને પેન્શનની સુવિધા ધરાવતા સમાજમાં તબદીલ કરવા માટે આ યોજના તૈયાર કરાઈ છે. આ યોજના હેઠળ વ્યકિત ૬૦ વર્ષની ઉમરે દર મહિને ફિક્સ ૧,૦૦૦ ૨,૦૦૦ ૩,૦૦૦ ૪,૦૦૦ ૫,૦૦૦નું પેન્શન તેમના યોગદાનના આધારે પ્રાપ્ત કરશે. જે યોજનામાં જોડવાની ઉંમર પ્રમાણે અલગ અલગ હોઈ શકે છે. આ એપીવાય યોજના હેઠળ યોગદાન જા કરાવવાની મુદત ૨૦ કે તેવી વધુ વર્ષ રહેશે. અન્ને ઉલ્લેખનીય છે કે, એપીવાય હેઠળ જે તે વ્યક્તિ પાસે દર મહિને યોગદાન આપવાનો વિકલ્પ રહેશે. આ ચૂકવણીના વિલંબ માટે બેન્કે નિયત કરેલ માસિક ૧ થી ૧૦ સુધી વધારાની રકમ વસૂલી શકશે. કેન્દ્ર સરકાર કામદારોની વૃદ્ધવસ્થા દરમિયાનની આવક સુરક્ષા અંગે સતત ચિંતિત છે. અને તેની જ સરકારે નેશનલ પેન્શન સિસ્ટમ (એન.પી.એસ)માં જોડાવા માટે પ્રોત્સાહન આપીને સક્ષમ બનાવી રહી છે.

મોડાસામાં લોકભાગીદારીથી જુદા જુદા ૯ સ્થળોએ સર્કલ બનાવવામાં આવશે

મોડાસા, તા.૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જિલ્લાનું વડુમથક, શિક્ષણનગરી અને આરોગ્યધામ તરીકે સમગ્ર જિલ્લામાં જાણીતું છે. તદઉપરાંત મોડાસા શહેરમાં જિલ્લાના સરકારી કામકાજ અર્થે હજારોની સંખ્યામાં પ્રજાજનો ઉમટી પડતા હોય છે. મોડાસા નગરમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા અને ટ્રાફિક સુરક્ષિત કરવા મોડાસા શહેરના ૯ સ્થળોએ સર્કલ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા નગર સેવા સદનમાં ટાઉન પ્લાનીંગ સમીતીની બેઠક નાયબ કલેકટર આનંદ આચાર્ય, ટાઉન પ્લાનર માલ અને ચેરમેન તારક પટેલની ઉપસ્થિતિમાં મોડાસા શહેરના જુદા જુદા સ્થળોએ ટ્રાફિકની સમ્યાનું નિવારણ કરવા અને વધતા ટ્રાફિકને હલ કરવા માટે ત્રણ રસ્તા કે ચાર રસ્તા પર અનુકુળ ડિઝાઈનવાળા સર્કલ બનાવવા ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં ટાઉન પ્લાનીંગ ચેરમેનને માર્ગ અને મકાન વિભાગની જરુરી મંજુરી મેળવવા અને શહેરના જુદા જુદા ૯ સ્થળોએ સર્કલ બનાવવાની દરખાસ્ત તૈયાર કરવાની સત્તા આપવામાં આવી હતી. મોડાસા શહેરના માલપુર રોડ પર અને પંચજયોતિ સોસાયટીના માર્ગ પર, સાંઈબાબા મંદિર અને સર્વોદયનગર સર્કલ પર, મેઘરજ રોડ પાવન સીટી-જલધારા ચોકડી પર, શામળાજી માર્ગ પર આવેલા ડિપ વિસ્તારમાં, બાયપાસ પર રામાસૈયદની ચોકડી પર, રામપાર્ક સોસાયટી ડીપી રોડ પર, કોલેજ રોડ-ભેરૂન્ડા ચોકડી પર, લાલાપીર દરગાહ-પહાડપુર રોડ વગેરે સ્થળોએ લોકભાગીદારીથી સર્કલ બનાવવા માટે મોડાસા નગરપાલિકા દ્વારા તજવીજ હાથ ધરાઈ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરના ૯ સ્થળોએ ત્રણ રસ્તા અને ચાર રસ્તા પર સર્કલ બનાવવાથી મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ થવાની સાથે સુંદર કલાત્મક ડિઝાઈન અને સુવિધાસભર સર્કલ બનાવવાની તૈયારીઓ હાથ ધરાતાં મોડાસા શહેરના માર્ગની સલામતી અને રોનક વધી જશે.

બે તબીબોની ક્રૂર હત્યા કરનાર ચાર ઈસમો અંતે ઝડપાઈ ગયા

અમદાવાદ,તા. ૭

શહેરમાં પોલીસ પેટ્રોલિંગમાં હતા એ દરમિયાન બાતમી હકીકતના આધારે પીરાણારોડ સુએજ ફાર્મ નાકા પાસેથી ચાર આરોપીઓને ગત તા.૬-૫-૨૦૧૫ના રોજ ઝડપી પાડ્યા હતા. તેમજ અટકાયત કરવામાં આવી છે. આ આરોપીમાં અમરતમગનભાઈ પરમાર, જીતેન્દ્ર રાધાભાઈ રાઠોડ, પલક ઉર્ફે પરવેઝ પુરુસોત્તમભાઈ ભાવસાર અને અક્ષયકુમાર જયેન્દ્ર નાયકરનો સમાવેશ થાય છે. આ આરોપીઓની પૂછપરછ કરતાં જાણવા મળેલ છે કે, અમરતભાઈ પરમાર અગાઉ કિર્તીસાથે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં બે હથિયારના ગુનામાં પકડાયેલા છે, તેમજ પલક ઉર્ફે પરવેઝ ભાવસાર નાની ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચિંગ તેમજ વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલો છે. આમ આ આરોપીઓ અગાઉથી જ ગુનાહિત રેકોર્ડ ધરાવેછે. ગત તા.૭-૪-૨૦૧૫ના રોજ આરોપી કિર્તી તેના સાગરીતો નરેશ, પ્રકાશ, અતુલ, રાજા તથા કાદીરખાન પઠાણ આ ચારેય આરોપીઓ સાથે સરખેજથી બોલેરો ગાડીમાં શંખેશ્વર ગયા, ૯ વાગ્યાના સુમારે દાંતનુંદવાખાનું ખોલતા કિર્તી તેના સાગરીતો પલક અને કાદીરખાન દર્દી તરીકે દવાખાનામાં પહોંચ્યા તે વખતે વાઘજી દવાખાનામાં એકલો હતો. તેથી દર્દી બનીને આવેલા કાદીરખાને કિર્તીને ફોન કરીને જાણ કરી હતી. ત્યારબાદ કિર્તી તેના સાગરીતો સાથે વાઘજીના દવાખાનામાં ઘુસી જઈ દવાખાનાનું શટર બંધ કર્યું હતું. આરોપી પલક અને કાદીરખાને હાથ-પગ પકડીને રાખી તેમજ અમરતે મોંઢુ દબાવી તેમજ કિર્તી અને સાગરીતોએ હથોડી વડે શરીર પર જીવલેણ માર માર્યો હતો. ત્યારબાદ વાઘજીના દોરડાવડે હાથ પગ બાંધી દીધા હતા અને મોંઢા પર સેલોટેપ મારી જીવતો કુથળામાં પુરી દઈ તેને બોલેરો ગાડીમાં અપહરણ કરી લઈ ગયા હતા.

સાબરકાંઠામાં પરીક્ષા દરમિયાન ધો-૧૦ અને ૧૨ના ૧૯ શંકાસ્પદ વિદ્યાર્થીઓની સુનાવણી હાથ ધરાશે

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫માં લેવાયેલી ધો-૧૦ને ૧૨ની સીસીટીવી હેઠળ લેવાયેલી પરિક્ષાના ફૂટેજ ચકાસણી કરાતા ૧૮ કેન્દ્રો પર ૧૯ વિદ્યાર્થીઓની શંકાસ્પદ હિલચાલ જણાઈ હતી જેથી તમામ વિદ્યાર્થીઓની સુનાવણી શકવારે હાથ ધરવામાં આવશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી પ્રકાશ ત્રિવેદીએ જણાવેલ કે ધો-૧૦ અને ધો-૧૨માં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી હેઠળ લેવામાં આવી હતી. ત્યાર બાદ અંદાજે ૨૦૦૦ હજાર સીસીટીવીના ફૂટેજની એક મહિના દરમિયાન ૧૨ ટીમો દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં જિલ્લાના ૧૮ કેન્દ્રોના ધો-૧૦ના ૫, ધો-૧૨ સામાન્ય પ્રવાહના ૧૦ અને વિજ્ઞાન પ્રવાહના ૪ મળી ૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં શંકાસ્પદ હિલચાલ કરતા જણાયા હતા. જેથી ૧૮ કેન્દ્રોના ૧૯ વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, કેન્દ્ર સંવાહક અને સુપરવાઈઝરને શુક્રવારે હિંમતનગરમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે હાજર રહેવાનો આદેશ કરેલ છે. જયાં ચાર પ્રતિનિધિઓની ટીમ ફરીથી ફૂટેજ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની ઉપસ્થિતિમાં બતાવાશે અને ત્યાર બાદ વિદ્યાર્થીના નિવેદન લઈને તમામ રીપોર્ટ તૈયાર કરીને ગાંધીનગર ખાતે પરિક્ષા બોર્ડને મોકલી આપવામાં આવશે અને ત્યાર બાદ બોર્ડ કસુરવાર સામે યોગ્ય કાર્યવાહી કરશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા વઢવાણ નગરપાલિકા વોર્ડની રચના

ગાંધીનગર, તા. ૭

રાજય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજયની વઢવાણ નગરપાલિકાની ચૂટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. જેમાં તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને અમદાવાદ જિલ્લાની વઢવાણ નગરપાલિકા સાથે સંલગ્ન અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ વોર્ડોનું સિમાંકન નિર્ધારીત કરવામાં આવ્યું છે. તેમજ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે વોર્ડવાર બેઠકોની વારાફરતી (ક્રમવાર) ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવ્યું હોવાનું રાજય ચૂંટણી પંચની યાદીમાં જણાવાયું છે.

વોર્ડની રચના અને હદ રેખા નક્કી કરતો તેમજ બેઠક ફાળવણીનો મુસદ્દો દર્શાવ્યા મુજબ જાહેર જનતાની જાણ અર્થે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે સામે કોઈપણ વ્યક્તિ કે જાહેર જનતાને સલાહ સૂચન કરવાના હોય તો આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં-૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર તેમજ તેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીને મોકલવાની રહેશે.

પીએનસી ઈન્ફ્રાટેક લિમિટેડની પબ્લિક ઓફર આજે ખુલશે : રૂ. ૩૫૫ થી ૩૭૮

પીએનસી ઈન્ફ્રાટેક લિમિટેડ (પીએનસી ઈન્ફ્રાટેક' અથવા 'અમારી કંપની' અથવા કંપની અથવા 'ઈશ્યુકર્તા') ૮ મે, ૨૦૧૫ના રોજ રૂ. ૧૦ ની મૂળ કિંમતનો એક એવા (ઈક્વિટી શેરો) ૧૨,૯૨૧,૭૦૮ ઈક્વિટી શેરોનો પબ્લિક ઈશ્યુ લાવી રહી છે, જેમાં પ્રતિ ઈક્વિટી શેર (ધ ઓફર) શેર પ્રીમિયમનો સમાવેશ થાય છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૩૫૫ થી રૂ. ૩૭૮ નક્કી કરવામાં આવ્યો છે. ઓફરમાં કંપની (ધ ફ્રેશ ઈશ્યુ) દ્વારા જાહેર જનતાને ૧૧,૫૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેરોના ફ્રેશ ઈશ્યુનો અને એનવાય એલઆઈએમ જેકોબ બલ્લાસ ઈન્ડિયા સેલિંગ શેર દ્વારા ૧,૪૨૧,૭૦૮ સુધીના ઈક્વિટી શેરો (ધ ઓફર ફોર સેલ)ની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. ઓફરમાં પાત્રતા ધરાવતા કર્મચારીઓ (ધ એમ્પ્લોઈઝ રીઝર્વેસન પોર્શન) દ્વારા ૫૦,૦૦૦ ઈક્વિટી શેરોના અનામતનો સમાવેશ થાય છે.

એમ્બ્લોઈ રીઝર્વેશન હિસ્સાને બાદ કર્યા પછીની ઓફર 'નેટ ઓફર' ગણાશે, ૧૨,૮૭૧, ૭૦૮ સુધીના ઈક્વિટી શેરોનો સમાવેશ થાય છે. બિડ/ઓફર મંગળવાર, ૧૨ મેનાં રોજ બંધ થાય છે. લઘુતમ બિડ લોટ ૩૫ ઈક્વિટી શેર્સ છે અને એ પછી ૩૫નાં ગુણાંકમાં અરજ કરી શકાય. નેટ ઓફરમાં ઓફર પછીની કંપનીની પેઈડ અપ ઈક્વિટી શેર મૂડીના કમસેકમ ૨૫ ટકાનો સમાવેશ થાય છે.

રેડ હેરીંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર થતા ઈક્વિટી શેરોને એનએસઈ અને બીએસઈમાં લિસ્ટિંગ કરવાની દરખાસ્ત છે. ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને આઈડીએફસી સિક્યોરિટીઝ લિ. છે.

વડીલોને વંદન અભિનંદન

ચંદ્રકાન્ત બચુભાઈ સુરતી
(૧૯૫૬) મો.૯૮૨૫૦૧૯૪૬૦

શબ્દાવલી - ૫૭૨૪



આડી ચાવી

૧. જય હનુમાન, અંજની સુત (૬)
૬. ફળનો માવો, ફુટનો અંદરનો ભાગ (૨)
૭. પોપચું, (આંખનું) (૩)
૮. પરવા (૨)
૯. પુરુષ (૨)
૧૧. ગારુડી, મદારી (૨)
૧૨. ગપ્પુ, ફેંકવું (૨)
૧૪. હિંમત, તાકાત (૩)
૧૫. વશ કરનારી વિદ્યા (૫)
૧૭. આનંદ, મોજ-મસ્તી (૨)
૧૯. જતું રહ્યું, વયુ ગ્યુ (૨)
૨૧. સંવાદમાં વારંવાર વપરાતો નકામો શબ્દ (૬)

ઊભી ચાવી

૧. બલશાલી, તાકતવર (૪)
૨. રોનક, રંગની છટા (૩)
૩. એક ઝાડ જેમાં પીળા રંગના ફુલના ઝુમકા આવે અને તેની સીંગો પણ દવામાં વનરાય (૪)
૪. છાણ-માટીથી લીંપવું તે(૩)
૫. તકવાદને અનુસરનાર (૪)
૧૦. ધીમુ ધીમુ સુસ્ત (૪)
૧૧. વાલમીયો, ભરથાર (૩)
૧૩. કપ ઊંધો થઇ ગયો (૨)
૧૪. ૨૦ કિલોનું માપ (૨)
૧૫. લાગવગ, ઓળખાણ (૨)
૧૬. રણકવું તે ઘુઘરી... (૩)
૧૮. કેર વર્તાવે તેવું (૩)
૨૦. મોલ, ઊભો લહેરાતો મોલ (૨)

શબ્દાવલી ૫૭૨૩ના જવાબ

આડી ચાવી :- (૧) સંધ્યા (૩) સાકાર (૭) તન (૮) મંજુસ (૯) મફત (૧૧) ભલાઇ (૧૨) ભગ્ન (૧૩) કરજ (૧૪) આલમ (૧૬) મતી (૧૭) જમદુત (૧૯) તાલા (૨૦) નર (૨૧) તડજોડ (૨૩) કજીયાખોર

ઊભી ચાવી :- (૧) સંત (૨) ધ્યાનમગ્ન (૩) સામંત (૪) કાજુ (૫) રસભર (૬) કલાઇ (૧૧) લાજમલાજો (૧૨) ભયજનક (૧૩) કમ (૧૪) આદુ (૧૫) લત (૧૮) મરજી (૧૯) તાડ (૨૧) તર (૨૨) ડર

સે.૨૪માં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ સી સી રોડનુ કામ બંધ છે. હરસિધ્ધનગર વિસ્તારમાં આગામી દિવસોમાં દબાણો દુર કરાયા બાદ કામગીરી શરુ કરવામાં આવશે. કાર્મશિયલ વિસ્તારમાં વેપારીઓ દ્વારા સ્વેચ્છાએ દબાણો દુર કરવામાં આવશે.ત્યારબાદ સી સી રોડનુ કામ પુનઃ શરૂ કરવામાં આવશે. સેકટરમાં દાયકાઓના અંતે રસ્તાની સુવિધા ઉપલબ્ધ થશે. સેકટરમાં પાયાની સુવિધાઓની ઉણપ વચ્ચે દબાણનો પ્રશ્ન મુખ્ય છે. વર્ષોના અંતે પણ સેકટરમાં દબાણની સમસ્યા દુર થઈ શકી નથી. જેના પરિણામે અનેક પ્રશ્નો ઉદભવે છે.સેકટરમાં ગીચતાની સાથે ગંદકીનો પ્રશ્ન પણ શિરદર્દ સમાન બન્યો છે.

રોમાંચક ફાઈનલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડાકોર, આણંદ હિંમતનગર સહિતની ૬૪ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ હોવાથી મેદાન ફરતે ક્રિકેટ રસિયાઓ પણ મોડી રાત સુધી ગોઠવાઈ ગયા હતા.

શહેરમાં હાલ વેકેશનના સમયગાળામાં ક્રિકેટનો ફિવર છવાયેલો છે. વહેલી સવારે અને મોડીરાત્રે સેકટરોના મેદાનો ક્રિકેટરસિયાઓથી ઉભરી રહયા છે. આઇ પી એલની મેચ સાથે ક્રિકેટ પ્રેમીઓમાં આમ પણ ઉત્તેજના છવાયેલી છે. ત્યારે શહેરમા રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટે પણ રંગ જમાવ્યો છે. શહેરમાં હાલ બે ઠેકાણે ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહી છે. ચ-૩ ના મેદાન ઉપરાંત ઈન્ફોસીટી ખાતે પણ નાઇટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના પરિણામે માડી રાત સુધી ક્રિકેટ રસિયાઓ મેચ નિહાળવા મેદાન ફરતે ગાઠવાયેલા જોવા મળે છે. જા કે ચ ૩ મેદાન ખાતે આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઈકાલે ફાઈનલ મુકાબલો યોજાયો હતો. દિલધડક ફાઈનલ મેચ જોવા ક્રિકેટ રસિયાઓની ભીડ ઉમટી હતી. ચ-૩ ના વિશાળ મેદાન ફરતે ક્રિકેટ રસિયાઓ મેચ જોવા ગોઠવાઈ ગયા હતા. જયારે ફાઈનલમાં રમતા ખેલાડીઓએ પણ તેમને નારાજ કર્યા વગર અદભૂત બેટીંગ પ્રદર્શન કર્યુ હતું. સાંઈબાબા ઈલેવનની ટીમ તરફથી રમતા ખેલાડીઓએ ચાગ્ગા છક્કાની ફડકાબાજી કરી તોફાની બેટીંગથી શ્રોતાઓના દિલખુશ કરી દીધા હતા. ટીમના બેટસમેન સૌમિલ પટેલે ધમાકેદાર ૭૨ રન કર્યા હતા. જયારે ટીમનો સ્કોર ૧૪ ઓવરમાં ૧૫૪ રન સુધી પહોચ્યો હતો. જેની સામે સહજાનંદ ઈલેવને ૧૪ ઓવરમાં ૯ વિકેટે ૧૨૩ રન કર્યા હતા. મોડીરાત્રે ૨ વાગ્યા સુધી ફાઈનલનો મુકાબલો જામ્યો હતો. ફાઈનલમાં સાંઈબાબા ઈલેવનની ટીમનો વિજય થયો હતો. ફાઈનલ મેચના અંતે આંતશબાજી કરવામાં આવી હતી. ક્રિકેટ રસિયાઓની ભીડભાડ વચ્ચે ઉત્તેજનાનો માહોલ જોવા મળ્યો હતો.ફાઈનલની વિજેતા ટીમ સાંઈબાબા ઈલેવનને વિનીંગ ટ્રોફી તેમજ ₹ ૧૦૦૦ રૂપિયા રાકડા એનાયત કરવામાં આવ્યા હતા.રનર્સ અપ સહજાનંદ ઈલેવનને પણ ટ્રોફી તેમજ રૂપિયા ૩૧૦૦૦નુ ઈનામ આપવામાં આવ્યું હતું. જયારે બેસ્ટ બોલર તરીકે વરુણને રૂ-૨૫૦૦ તેમજ ટ્રાફી જયારે બેસ્ટ બેટસમેનને પ્રશાંતને પણ રૂ ૨૫૦૦નુ ઈનામ એનાયત કરવામાં આવ્યુ હતું. ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન લાઈટસ સાઉન્ડ, કોમેન્ટ્રી અને સ્કારસ્ક્રીન સહિતની સુવિધાઓથી શ્રોતાઓએ પણ રમતને પૂર્ણ રીતે માંણી હતી. ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજક અને ઉડાન યુનિવર્સલના પ્રમુખ જયદીપભાઈ સુખડીયાએ આ તબક્કે જણાંવ્યુ હતું કે આગામી દિવસોમાં કબડ્ડી વાલીબોલ જેવી રમતાનુ પણ આયોજન કરવામાં આવશે.

પુરુષોની ઉદાસીનતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આમ છતાં પુરૂષની ઉદાસીનતા એ હજુ પણ વણઉકલ્યો કોયડો રહ્યો છે.

સમગ્ર વિશ્વમાં 'ફેમિલી પ્લાનીંગ' પ્રોગ્રામને રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે ભારતે સૌથી પ્રથમ વખત ૧૯૫૨માં શરૂ કરેલ હતો. શરૂઆતમાં ફેમીલી પ્લાનીંગનો મુખ્ય હેતુ વસ્તી નિયંત્રણ કરવાનો હતો કારણ કે ભારતમાં વધતી જતી વસ્તી એ સૌથી મોટી સમસ્યા હતી. વસ્તીના વધારાના પ્રમાણમાં સ્ત્રોતો ઓછા પડે છે. ફેમીલી પ્લાનીંગમાં જુદી જુદી પધ્ધતિઓ દ્વારા દંપતિને રક્ષિત કરવામાં આવે છે. જેના પરિણામે દંપતિ પોતાને જરૂર હોય ત્યારે સંતાન પ્રાપ્તિ કરી શકે અને પોતાના કુટુંબની સાઈઝ પણ નક્કી કરી શકે. ૧૯૫૨થી શરૂ થયેલ યાત્રામાં જુદા જુદા નામે કાર્યક્રમોનો ઉમેરો થતો ગયો. તેમાં આરોગ્ય કાર્યકરોને ફરજીયાત ટાર્ગેટ એચિવમેન્ટમાંથી મુકિત આપી જન સમુદાયને સમજણ આપવી તથા ફેમીલી પ્લાનીંગ અપનાવવા માટેના નિર્ણય માટે સક્ષમ કરવા જણાવ્યું. આ સાથે અન્ય કાર્યક્રમો તથા 'ટાર્ગેટ ફ્રી એપ્રોચ'નાં પરિણામે આરોગ્ય કાર્યકરોનું ફોકસ ફેમીલી પ્લાનીંગ પરથી ઓછું થયું. જેથી શિક્ષિત વર્ગ પોતાની મેળે ફેમીલી પ્લાનીંગ કરે પરંતુ અભણ ગરીબ લોકો તેમ કરી શકતા ન હતા. જેથી ગરીબો વધુ ગરીબ બનતા ગયાં.

વસ્તી વધારો આજે પણ એક મોટી સમસ્યા બની રહી છે ત્યારે ફરીથી તેના ઉપર ભાર મૂકવો જરુરી છે. સરકારશ્રી દ્વારા તેના ઉપર ભાર મુકી અને તેના અન્ય પરોક્ષ ફાયદાને પણ નજરમાં લાવ્યા છે જેટલા બહેનો સગર્ભા ઓછી બને તેના પ્રમાણમાં માતા મરણ અને બાળ મરણ પણ ઓછા થવાની શકયતાઓ રહેલ છે. આ ઉપરાંત ફેમીલી પ્લાનીંગમા પણ નવી પધ્ધતિઓ અપનાવવા ઉપર ભાર મુકવામાં આવ્યો છે. જેમ કે પોસ્ટ મોર્ટમ, સ્ટરીલાઈઝેશન, કોપર-ટી વગેરે.

કિસાન સંઘ દ્વારા રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોલ્ડ સ્ટોરેજની પુરતી સુવિધા નથી અને સરકાર આ બાબતે કોઈ હસ્તક્ષેપ કરતી ન હોવાથી ખેડૂતોને બટાકાનો સંગ્રહ ક્યાં કરવો તેની સમસ્યા સતાવે છ. કોલ્ડ સ્ટોરેજ હાઉસફુલ થઈ જતાં ખેડૂતોને તેમનો માલ ૩ થી ૬ રૂ. કિલોના ભાવે વેચવાની ફરજ પડે છે. ખેડૂતો ગૌશાળામાં પશુઆહાર તરીકે બટાકા આપી દે છે. ખેડૂતોને બટાકાના પોષણક્ષમ ભાવો ન મળતા ઉત્પાદનનો ખર્ચ પણ નીકળતો નથી. જ્યારે બજારમાં બટાકા ઉંચી કિંમતે વેચાય છે. જો સરકાર આ બાબતે હસ્તક્ષેપ કરે અને ઓછામાં ઓછા કેટલા ભાવે જથ્તાબંધ વેપારી દ્વારા શાકભાજી ખરીદી શકાય તે સરકાર નક્કી કરે તો ખેડૂતોને લાભ થશે અને બજારમાં ભાવો ઉંચા જતા અટકશે.

અટક બદલેલ છે

હું નિરંકારી હરજીન્દરસિંઘ તેજાસિંઘ હવે - જસ્સલ હરજીન્દરસિંઘ તેજાસિંઘ તરીકે ઓળખાઈશ

જસ્સલ હરજીન્દરસિંઘ તેજાસિંઘ
૧૭૦, રો-હાઉસ સ્વાગત સીટી,
અડાલજ (ગાંધીનગર)

પ્રદર્શન ઉભું કરાશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રસારણ વિભાગને સુચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કાયમી પ્રદર્શન બનાવવા માટે ઉદ્યોગ અને ખાણ વિભાગની મદદ લેવા પણ સૂચન કરવામાં આવ્યું છે. તેમજ આ પ્રદર્શન ચીલા ચાલુ પ્રદર્શન નહીં પરંતુ એક ઉત્કૃષ્ટ પ્રદર્શન બને તે સુનિશ્ચિત કરવા અને પ્રદર્શનમાં ડીજીટલ ટેકનોલોજીનો પણ મહત્તમ ઉપયોગ કરવામાં આવે તે દિશામાં કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કોંગીની બેઠક... ● અનુસંધાનપહેલાનું ચાલુ

સિદ્ધાર્થ પટેલ સહિત પ્રદેશ પદાધિકારીઓ તથા આગેવાનો હાજર રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સવારે ૧૧ વાગે સ્વ. રાજીવ ગાંધી ભવન ખાતે મળનારી બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલાઓને પ્રતિનિધિત્વ અંગે કોંગ્રેસ પક્ષ પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરી આ અંગે પક્ષના મહિલા સંગઠનને વધુ મજબૂત તેમજ સુદૃઢ કરવાની દિશામાં કેટલાક મહત્વના નિર્ણયો લેશે અને મહિલા પાંખને જરૂરી દિશા નિર્દેશો જારી કરશે. આ બેઠકમાં પ્રદેશ મહિલા પ્રમુખ સહિત મહિલા આગેવાનો હાજર રહેશે. ત્યારબાદ બપોરે એક વાગે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ, વિપક્ષી નેતાઓ, આગેવાનો વગેરે સાતે પ્રદેશ નેતાઓની એક બેઠક યોજાશે. જેમાં આગામી ચૂંટણીમાં જિલ્લા પંચાયતોમાં પક્ષનો વધુમાં વધુ સારા દેખાવ તેમજ વિજયની રણનીતિ નક્કી કરવા વ્યૂહરચના ઘડાશે તેમજ સંગઠનમાં નવા પ